હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૮૭૯, વર્ષ : ૩૭, અંક : ૦૮
૧૬-એપ્રિલ, ૨૦૨૬

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

"સાહિત્ય એ પ્રજાના સંસ્કારનું વાહન છે. જે પ્રજા પાસે સમૃદ્ધ સાહિત્ય નથી, તેની સંસ્કૃતિ કદી લાંબો સમય ટકી શકતી નથી."

"સંશોધન એટલે માત્ર જૂનું શોધવું એવું નથી, પણ જૂનાને નવી દ્રષ્ટિએ તપાસીને તેમાંથી સત્યનો અંશ તારવવો તે છે."

"મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય એ આપણી ભાષાનો પાયો છે. પાયો જેટલો મજબૂત હશે, અર્વાચીન સાહિત્યની ઈમારત એટલી જ ભવ્ય બનશે."

"આપણી પ્રાચીન હસ્તપ્રતો એ ભૂતકાળના વિદ્વાનોનો આપણને મળેલો અમૂલ્ય વારસો છે; તેને સાચવવો એ આપણી સાંસ્કૃતિક ફરજ છે." - ડૉ. બી.જે. સાંડેસરાના મંતવ્યો

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

ગુજરાતી સાહિત્ય જગત ખૂબ જ વિશાળ અને સમૃદ્ધ છે. 'સાહિત્યકાર' શબ્દ કાને પડતા જ નરસિંહ મહેતાથી લઈને આધુનિક યુગના લેખકો સુધીનો એક લાંબો ઈતિહાસ નજર સામે તરી આવે છે.

ગુજરાતી સાહિત્યના મુખ્ય સાહિત્યકારોને આપણે મધ્યકાલીન યુગ (ભક્તિ સાહિત્ય) જેમાં મુખ્યત્વે પદ, આખ્યાન અને છપ્પા જેવા સાહિત્યના પ્રકારો નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમાનંદ, અખો, દયારામ જેવા સાહિત્યકારો દ્વારા ખેડાયા હતા. અર્વાચીન યુગ (સુધારક અને પંડિત યુગ)માં ગુજરાતી સાહિત્યમાં ગદ્ય (નવલકથા, નિબંધ)ની શરૂઆત થઈ. જેમાં નર્મદ, દલપતરામ, ગોવર્ધનરામ ત્રિપાઠી, કવિ ન્હાનાલાલ વગેરેએ પોતાની રચના કરી હતી. ગાંધી યુગ અને અનુ-ગાંધી યુગમાં સાહિત્ય સામાન્ય માણસ અને સમાજને અનુલક્ષીને લોકસાહિત્ય, ઐતિહાસિક નવલકથાઓ, ટૂંકીવાર્તાઓ ઝવેરચંદ મેઘાણી, કનૈયાલાલ મુનશી, પન્નાલાલ પટેલ, ઉમાશંકર જોશી, ધૂમકેતુ જેવા ખ્યાતનામ સાહિત્યકારો દ્વારા ઉત્તમ રચનાઓ રચાઈ. આધુનિક અને અદ્યતન યુગ સુરેશ જોષી, ચન્દ્રકાન્ત બક્ષી, રઘુવીર ચૌધરી, વિનોદ ભટ્ટ જેવા સાહિત્યકારોએ ગુજરાતી સાહિત્યમાં પોતાનું યોગદાન કરેલ.

આવા જ એક ગુજરાતી સાહિત્ય અને સંશોધન જગતના ખૂબ જ આદરણીય, મુખ્યત્વે પ્રકાંડ પંડિત, સમર્થ સંશોધક અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના નિષ્ણાત તરીકે જાણીતા ડૉ. ભોગીલાલ જે. સાંડેસરાનો જન્મ ૧૩ એપ્રિલ, ૧૯૧૭ના રોજ (સાંડેસર, તા. પાટણ) ખાતે થયો હતો. તેઓ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓના ઊંડા અભ્યાસુ હતા. તેમણે પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો હતો.

ભોગીલાલ સાંડેસરાએ ગુજરાતી સાહિત્ય અને ઈતિહાસના ક્ષેત્રમાં બહુમૂલ્ય કામગીરી કરી છે. તેઓ વડોદરાની પ્રસિદ્ધ 'પ્રાચ્યવિદ્યા મંદિર' (Oriental Institute) ના નિયામક તરીકે લાંબો સમય સેવા આપી ચૂક્યા છે. ત્યાં રહીને તેમણે અનેક હસ્તપ્રતોનું સંપાદન અને સંશોધન કર્યું. તેમણે 'પ્રાચીન ગુર્જર કાવ્યસંચય' અને 'જૈન આગમ' જેવા મહત્ત્વના ગ્રંથોનું સંપાદન કર્યું છે. મધ્યકાલીન જૈન સાહિત્ય પર તેમનું અદભૂત પ્રભુત્વ હતું. તેમણે ઈતિહાસ, પુરાતત્વ અને સાહિત્યિક ટીકાઓ પર અનેક પુસ્તકો લખ્યા છે. તેમના લેખનમાં તથ્યોની ચોકસાઈ અને ગહન અભ્યાસ જોવા મળે છે. તેમની સાહિત્યિક સેવાઓ માટે તેમને અનેક પ્રતિષ્ઠિત એવોર્ડમાં ગુજરાતી સાહિત્યનું સર્વોચ્ચ સન્માન રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૫૩), સાહિત્યિક સંશોધન માટે નર્મદ સુવર્ણચંદ્રક, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે રહી પોતાનું વિશિષ્ટ યોગદાન આપેલ. તેઓશ્રીએ ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસને ઉજાગર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ખાસ કરીને પાટણ અને તેની આસપાસના જૈન ભંડારોમાં રહેલી હસ્તપ્રતોને શોધીને તેને દુનિયા સમક્ષ લાવવાનું શ્રેય તેમને જાય છે.

અસાધારણ વિદ્વત્તા અને સંશોધક ડૉ. ભોગીલાલ સાંડેસરા (૧૯૧૭-૧૯૮૯) ગુજરાતી સાહિત્ય, સંશોધન અને વિવેચન ક્ષેત્રે અત્યંત આદરણીય નામ છે. સંશોધનકાર ડૉ. સાંડેસરાજી એ પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તેમજ જૈન સાહિત્ય પર ઊંડું કાર્ય કર્યું છે. હસ્તપ્રતો (Manuscripts) ઉકેલવામાં અને તેનું વૈજ્ઞાનિક પદ્ધતિથી સંપાદન કરવામાં તેમની નિપુણતા અજોડ હતી. તેઓ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ જેવી ભાષાઓના જાણકાર અને પ્રભુત્વ ધરાવતા હોવાને કારણે તેમણે ભાષાના ઉદ્ભવ અને વિકાસ પર ભાષાશાસ્ત્ર લખ્યું હતું.

તેમણે 'સત્તરમા સૈકાના ગુજરાતી સાહિત્યનું અવલોકન' અને 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય' જેવા મહત્ત્વના ગ્રંથોની પણ રચના કરી હતી. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) ના

'પ્રાચ્યવિદ્યા મંદિર' (Oriental Institute) ના નિયામક તરીકે રહી અનેક દુર્લભ હસ્તપ્રતોને પ્રકાશિત કરી. આમ તેમણે માત્ર સાહિત્ય જ નહીં, પરંતુ ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસ પર પણ પ્રકાશ પાડ્યો. ગુજરાતના શિલ્પ, સ્થાપત્ય અને ઈતિહાસ વિશેના તેમના લેખો અભ્યાસીઓ માટે માર્ગદર્શક છે.

વિદ્યાના ઉપાસક અને ગુજરાતી અસ્મિતા અને સાહિત્યના વારસાને જાળવી રાખવા માટે પાયાનું કાર્ય કરનાર ડૉ. ભોગીલાલ સાંડેસરાએ પોતાનો અંગત ગ્રંથ સંગ્રહ (૪૦૦૦ કરતા વધારે પુસ્તકો) આપણી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય વિભાગને ભેટ આપેલ છે. ડૉ. બી.જે. સાંડેસરા વિભાગ સૌ જ્ઞાન પિપાસુ અને સંશોધન કરતા સંશોધકો માટે ખૂબજ ઉપયોગી પૂરવાર થઈ રહ્યો છે.

તા. ૧૬-૦૪-૨૦૨૬
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
**કુલપતિ**

# યુનિવર્સિટી ન્યુઝ

## વાર્ષિક સંગોષ્ઠિ



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના એન.એસ.એસ. વિભાગની વાર્ષિક સંગોષ્ઠિનું શ્રી એન.એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસાના યજમાન પદે શ્રી જીરાવાલા લબ્ધિ વિક્રમધામ મોડાસા ખાતે તા. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં યુનિવર્સિટીના કુલગુરુ પ્રો.ડૉ. કે.સી. પોરિયા, સાબરકાંઠાના સાંસદ શોભનાબેન બારૈયા, કમલકુમાર કર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ શોભનાબેન બારૈયાએ પોતાના વક્તવ્યમાં યુનિવર્સિટી દ્વારા ભારદવી પૂનમે થતાં સ્વચ્છતા અભિયાનનો ઉલ્લેખ કરી પ્રોગ્રામ ઓફિસરશ્રીઓને અભિનંદન આપ્યા હતા. કુલપતિશ્રીએ વર્તમાન એન.એસ.એસ. થકી કેવા પ્રકારના સેવા કાર્યો કરી શકાય તેની સુંદર સમજ આપી હતી. કમલકુમાર કરે આવનારા સમયમાં પ્રોગ્રામ ઓફિસર અને સ્વયંસેવકોની ભૂમિકા એન.એસ.એસ.માં કેવી રીતે વધારી શકાય તેની સુંદર સમજ આપી પ્રોત્સાહિત કર્યા હતા. બે દિવસ દરમિયાન માય ભારત, પી.એફ.એમ.એસ. સ્વદેશી નાગરિક કર્તવ્ય, નિયમિત પ્રવૃત્તિ અને ખાસ શિબિરમાં નાવિન્યતા જેવા વિષયો ઉપર વક્તવ્ય તેમજ કાર્યશાળા યોજાઇ હતી. આગામી સમયમાં કામોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. પ્રિ.ડૉ. રાજેશ વ્યાસે સંગોષ્ઠિ ફાળવવા બદલ યુનિવર્સિટીનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર સંગોષ્ઠિની સુંદર વ્યવસ્થા પ્રોગ્રામ ઓફિસર અશોક શ્રોફ દ્વારા ગોઠવવામાં આવી હતી.

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી




❊ મહિલા આર્ટ્સ કૉલેજ, વિદ્યાનગરી, હિંમતનગર ખાતે તા. ૨૩-૦૧-૨૦૨૬ ના રોજ એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે પ્રિ.ડૉ. કનૈયાલાલ એલ. પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી વસંત પંચમીના પવિત્ર પર્વ નિમિત્તે માઁ સરસ્વતીની વંદના અને પુસ્તક વંદના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાનગરી ખાતે સ્થાપિત કરેલ માઁ સરસ્વતી દેવીની પૂજા, અર્ચના અને આરતી કરી, કૉલેજના કર્મચારીઓ અને વિદ્યાર્થિનીઓ ધન્ય થયા હતા. આ પ્રસંગે ગ્રંથાલય વિભાગ દ્વારા પુસ્તક પ્રદર્શનનું પણ આયોજન કરાયું હતું.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના સાંસ્કૃતિક વિભાગ 'ઉડાન' અંતર્ગત ઋતુરાજ વસંતના વધામણા અને માઁ સરસ્વતીની પૂજા કરવામાં આવી હતી. પ્રિ.ડૉ.સુનિતાબેન સુપહીયાએ વસંત પંચમીના દિવસે શિવ પાર્વતી સગાઈની પૌરાણિક કથા રજૂ કરી અને ડૉ. નંદાબેન જાડેજાએ જ્ઞાનસભર વૈદિક પૌરાણિક કથાઓ સાથે સરસ્વતી ની પૂજાના સાધનો વિણા, પુસ્તક, હંસ વગેરે વિશે સુંદર ઉપદેશાત્મક કથાનું રસપાન કરાવ્યું હતું. આ દિવસને પ્રકૃતિના નવીનીકરણ સાથે બૌદ્ધિક નવીનીકરણની વાત કરી હતી.



✲ શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના ઇતિહાસ વિભાગ દ્વારા તારીખ ૨૨–૧–૨૦૨૬ નાં રોજ સ્વામી વિવેકાનંદજીની ૧૬૪મી જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે વક્તૃત્વ સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા યુવાનોમાં રાષ્ટ્રીય ચેતના,આત્મવિશ્વાસ, નૈતિક મૂલ્યો તથા સ્વામી વિવેકાનંદજીનાં વિચારોનો પ્રસાર થાય તે હેતુથી આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો',જેવા વિષયો પર પોતાના વિચારોને અર્થપૂર્ણ રીતે રજૂ કર્યા હતા. નિબંધ સ્પર્ધામાં પણ વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદજીના જીવન, દર્શન અને રાષ્ટ્ર માટેના યોગદાન વિશે ગહન વિચારો રજૂ કર્યા હતા.



✲ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટસ કૉલેજ, કડીમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ પ્રસંગે રાષ્ટ્રીય યુવા દિવસની કૉલેજના ઇનોવેશન અને સ્ટાર્ટ–અપ કલબ અંતર્ગત YOUTH CHANGEMARK IN THE SOCIETY થીમ ઉપર ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ. ડૉ. હિનાબેન પટેલે સ્વામી વિવેકાનંદના 'ઊઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ જ્યાં સુધી ના થાય ત્યાં સુધી મંડ્યા રહો' સંદેશની વાત કરી વિદ્યાર્થીઓને જીવનમાં કોઈ ધ્યેય હોવું જોઈએ અને એ ધ્યેય જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવનમાં ગમે એટલી મુશ્કેલીઓ આવે ગમે એટલા જીવનમાં સંઘર્ષ આવે, નિષ્ફળતા મળે છતાં પોતાના ધ્યેયને વળગી રહેવું જોઈએ. આ દેશના યુવાનો જ સમાજમાં પરિવર્તન લાવી શકશે તેવું પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું.



✲ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના IQAC વિભાગ હેઠળ એન.એસ.એસ. અને એન.સી.સી. વિભાગ દ્વારા તા. ૧૬–૧–૨૦૨૬ ના રોજ કર્તવ્યબોધ દિવસની ઉજવણી મંડળના પ્રમુખશ્રી ધીરજભાઈ શાહના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. કાર્યક્રમનો પ્રારંભ સ્વામી વિવેકાનંદ સુભાષચંદ્રબોઝ અને ભારતમાતાની તસવીર ને પુષ્પાંજલિ અર્પણ કરી દીપ–પ્રાગટ્ય સરસ્વતી વંદનાથી કરવામાં આવ્યો હતો. પ્રિ.ડૉ. ડી.એસ.ચારણ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત પ્રવચન કરી શિક્ષકના ધર્મ, કર્તવ્ય અને શિક્ષકની વર્તમાન પરિસ્થિતિની કાર્ય પદ્ધતિ, કર્મનો સિદ્ધાંત, રાષ્ટ્રપ્રેમ સંસ્કારનું સિંચન વગેરે બાબતોને અનુસરી વિવિધ ઉદાહરણો સહિત સાહિત્યિક શૈલીમાં વિદ્યાર્થીઓને માહિતગાર કરેલ હતા. કાર્યક્રમના વક્તા ડૉ. મયંકભાઇ એમ. જોષી દ્વારા વિદ્યાર્થીઓને દેશ, સમાજ, પરિવાર તથા પર્યાવરણ પ્રત્યેની ફરજો સમજાવી અને જવાબદાર નાગરિક બનવા પ્રેરણા પુરી પાડવામાં આવી હતી.



✲ મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કૉલેજ કડીના એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓમાં રાષ્ટ્રભાવના, નેતૃત્વ અને સમાજસેવાના મૂલ્યો વિકસાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય હતો. પ્રા. ડૉ. રતનબેન પી. સોલંકી દ્વારા પ્રેરણાદાયી વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમણે પોતાના વ્યાખ્યાનમાં સ્વામી વિવેકાનંદજીના વિચારો, યુવાનોની ભૂમિકા તથા આજના સમયમાં યુવાનો કેવી રીતે દેશના વિકાસમાં યોગદાન આપી શકે તે વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ આચાર્યાશ્રી ડૉ. હિનાબેન એમ. પટેલના માર્ગદર્શન હેઠળ, એન.એસ.એસ. વિભાગના કાર્યક્રમ સંયોજક અને પોગ્રામ ઓફિસર ડૉ. તરુલતા પટેલ તેમજ કૉલેજના તમામ સ્ટાફ પરિવારના સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.



✲ એમ.એ. પરીખ ફાઈન આર્ટસ એન્ડ આર્ટસ કૉલેજ, પાલનપુર ખાતે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ એટલે કે 'રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની બૌદ્ધિક ક્ષમતા ખીલવવાના શુભ આશયથી એક વિશેષ જ્ઞાનસભર ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અને

સફળ આયોજન ડૉ. નીરવ કંસારા અને પ્રો. કુલદીપ જોષીના માર્ગદર્શનથી થયું હતું. અધ્યક્ષસ્થાને રહેલા પ્રિ.ડૉ. રમેશકુમાર બી. પટેલ દ્વારા વિદ્યાર્થીઓ સાથે એક અત્યંત પ્રેરક અને ઊર્જાવાન સંવાદ સાધવામાં આવ્યો હતો. પોતાના વક્તવ્યમાં તેમણે ભારતીય યુવાનોના સામર્થ્ય પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, 'ભારતીય યુવાન જો દૃઢ સંકલ્પ કરે તો આ વિશ્વમાં કશું જ અસંભવ નથી. રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા અહમ છે.' તેમણે 'ભારતનો આદર્શ યુવાન કેવો હોવો જોઈએ?' તે અંગે મર્મસ્પર્શી વાત કરતા ઉમેર્યું હતું કે, આજનો યુવાન માત્ર શિક્ષિત જ નહીં પરંતુ સંસ્કારી, ચારિત્ર્યવાન અને રાષ્ટ્રપ્રેમથી ઓતપ્રોત હોવો જોઈએ. તેમના આ ઓજસ્વી વિચારોએ વિદ્યાર્થીઓમાં નવચેતનાનો સંચાર કર્યો હતો. ત્યારબાદ યોજાયેલી ક્વિઝ સ્પર્ધામાં વિવિધ ટીમો વચ્ચે જ્ઞાન અને તર્કશક્તિનો રોમાંચક મુકાબલો જોવા મળ્યો હતો.

## કાર્યક્રમ



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં તા. ૨૩–૧–૨૦૨૬ના રોજ નૉલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા ફિનિશિંગ સ્કૂલનો ૨૦ દિવસનો સમાપન કાર્યક્રમ કૉલેજના પ્રમુખ શ્રી ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષસ્થાને અને માર્ગદર્શન હેઠળ યોજાયો. આ ૨૦ દિવસના તાલીમ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સ્વ મૂલ્યાંકન, ટીમ વર્ક, સેલ્ફ ડીસીપ્લીન, રોજગારી માટે જરૂરી આવડતો જેવી કે રિઝયુમ–બાયોડેટા લેખન, બોડી લેંગ્વેજ, ટાઇમ મેનેજમેન્ટ, પ્રેઝન્ટેશન સ્કીલ, ઇન્ટરવ્યુ સ્કીલ, નેતાગીરીના ગુણ, ઇન્ટ્રોડક્શન, અંગ્રેજીની મૂળભૂત આવડત વગેરે કૌશલ્ય શીખવવામાં આવ્યા હતાં.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાની વિદ્યાર્થીનીઓએ સાયબર સિક્યુરિટી અંતર્ગત ટ્રેનિંગ મેળવી જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને સાયબર, ડિજિટલ જવાબદારી, ઘટના પ્રતિભાવ અને સંસ્થાકીય તૈયારીની વ્યવહારુ સમજથી સજ્જ કરવાનો હતો. અનુભવી તજજ્ઞોએ વિદ્યાર્થીઓને ઇન્ફોર્મેશન, મિસઈન્ફોર્મેશન અને ડીસઇન્ફોર્મેશન વચ્ચેનો તફાવત સમજાવ્યો તેમજ સાયબર સિક્યુરિટી જાળવવા માટે જરૂરી સાવધાનીઓ, કોઈ સમસ્યા ઊભી થાય તો તાત્કાલિક શું પગલાં લેવા જોઈએ તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા 'ડ્રગ્સ મુક્ત કેમ્પસ' અભિયાન અંતર્ગત તા. ૧૯–૦૧–૨૦૨૬ના રોજ નશામુક્તિ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં નશાના દૂષણો વિશે જાગૃતિ ફેલાવવાનો તથા નશામુક્ત જીવનશૈલી અપનાવવાની પ્રેરણા આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન નશાના શારીરિક, માનસિક તથા સામાજિક પ્રભાવ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી. સાથે સાથે નશા સામે સમાજની સામૂહિક જવાબદારી અને યુવાનોની ભૂમિકા ઉપર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.



❊ એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ પાલનપુરમાં પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજ ના સ્ટાફ મિત્રોએ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય શ્રી ડૉ. રમેશકુમાર બી. પટેલના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક ધારાના કન્વીનર ડૉ. અશોકભાઈ સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું.



❊ સરકારી વિનયન કૉલેજ, ભાભર ખાતે તા. ૧૨–૦૧–૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય યુવા દિવસ (સ્વામી વિવેકાનંદ જયંતિ)ના અવસર પર ઇનોવેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં નવીન વિચારસરણી

વિકસાવવી, ટેકનોલોજી અને ઇનોવેશન પ્રત્યે જાગૃતિ લાવવી તથા યુવાનોને સમાજ પરિવર્તનના માર્ગે પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા પાર્થભાઈ રાવલે ઇનોવેશન, આધુનિક ટેક્નોલોજી તથા તેના વ્યવહારિક ઉપયોગ અંગે વિસ્તૃત અને પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને નવી શોધ, સંશોધન અને સર્જનાત્મક વિચારો તરફ આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના અધ્યક્ષ આચાર્યશ્રી ડૉ. વી. ટી. રાવલે પોતાના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં સ્વામી વિવેકાનંદના વિચારોને આધારે યુવાનોને આત્મવિશ્વાસ, શિસ્ત અને સતત પ્રયત્ન દ્વારા સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપી હતી.



✲ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના પ્રિ.ડૉ. દિનેશકુમાર ચારણના માર્ગદર્શનમાં સૂર્ય નમસ્કાર અને ધ્યાન સત્રનું તા. ૧–૧–૨૦૨૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં એન.સી.સી., એન.એસ.એસ. અને કૉલેજના રમતવીરો તેમજ અધ્યાપક ભાઇ–બહેનો તેમજ બી.એ./બી.કોમ.ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રિન્સીપાલશ્રીએ જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ ની આ પાંચ હજાર વર્ષની પરંપરા છે તેનાથી તન અને મન શુદ્ધ થાય છે. આજે નવલા વર્ષના નવલા પ્રભાતે સૂર્ય નમસ્કાર કરી ૨૦૨૬ના વર્ષની વધામણી કરીએ. સમગ્ર સત્રમાં પ્રેક્ટિકલ કાર્ય કૉલેજના પી.ટી.આઇ. હિતેષભાઇ ચૌધરીએ કરાવ્યું હતું.



✲ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે યુવાદિનને અનુલક્ષીને પંચરંગી કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ઈનોવેશન ક્લબ અંતર્ગત 'નેશનલ યુથ ડે, એન.એસ.એસ. અંતર્ગત 'માર્ગ સુરક્ષા અને સલામતી ડે, વિશેષ અંતર્ગત 'સ્વામી વિવેકાનંદ પ્રથમ યુથ ડે નિમિત્તે જન્મદિન, સ્પોર્ટ્સ અંતર્ગત 'ખેલકૂદ મહોત્સવ –૨૦૨૬' જેવા કાર્યક્રમો યોજાયા હતા. જેમાં યુથ ડે નિમિત્તે વિદ્યાર્થીઓની વક્તૃત્વ શક્તિ વિષયક ડૉ. માલતીબેન પટેલે સુંદર આયોજન અને ક્રિયાત્મક શિક્ષણ આપ્યું હતું. બીજા તબક્કામાં એન.એસ.એસ. અંતર્ગત પ્રોગ્રામ ઓફિસર ડૉ. સંજય પંડ્યાએ 'માર્ગ અકસ્માત અને સલામતી' વિષયક સાંપ્રત ઘટનાને લઈને વ્યાખ્યાન આપ્યું હતું. ત્રીજા તબક્કામાં પરિસરમાં આવેલી સ્વામી વિવેકાનંદજીની મૂર્તિનું પૂજન પ્રિ.ડૉ. એ. કે. પટેલ અને મંત્રી દિલીપભાઈ કટારા, સંકુલનો સર્વ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા થયું હતું. ચતુર્થ કાર્યક્રમ અંતર્ગત 'ખેલકૂદ મહોત્સવ –૨૦૨૬'નું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. જેમાં પ્રિ.ડૉ. એ.કે. પટેલે રમતનું ગૌરવ, પડકાર અને સમ સંવેદનશીલતા પ્રાપ્ત કરવા આહ્‌વાન કર્યું હતું. ત્યારબાદ વ્યાયામ જ્યોતનું આગમન યુનિવર્સિટી વાંસ કૂદ ટોપર પરમાર જતીન અને નેશનલ સ્પોર્ટ્સ ખેલાડીઓ કલ્પેશ સુવેરા, અવિનાશ પેપાવંશી, સુહાના કડબ, ધ્રુવી ભગોરા, અજીત વરસાત દ્વારા કરવામાં આવેલ. પાંચમો કાર્યક્રમ કર્તવ્ય દિવસ નિમિત્તે એન.સી.સી. ઓફિસર ડૉ. હેમંત પટેલ અને ડૉ. કલ્પના પટેલ દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં રાજેન્દ્રનગર કૉલેજના પ્રિ.ડૉ. પ્રવિણભાઇ ચૌધરીએ સ્વામી વિવેકાનંદના વિચારો રજૂ કરી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સાચા અર્થમાં યુવા બની ધ્યેય પ્રાપ્તિ સુધી પહોંચવા અપીલ કરી હતી.




✲ એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ પાલનપુરમાં ચિત્ર વિભાગ દ્વારા આર્ટ ફેસ્ટનુ આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ચિત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા લાઇવ પોટ્રેટ એન્ડ કેરીકેચર, લાઈવ મહેંદી, ટેટુ અને સ્ટીકર જેવા વિવિધ સ્ટોલ હતાં.



✲ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં 'ઇન્ટર કૉલેજ સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ' અંતર્ગત પાટણ જિલ્લાની શ્રીમતી પી.આર. પટેલ આર્ટસ કૉલેજ, પલાસરના વિદ્યાર્થીઓએ મહિલા કૉલેજ મહેસાણાની મુલાકાત લીધી હતી. આ પ્રોગ્રામ વિદ્યાર્થિનીઓને નવી સંસ્કૃતિ, ભાષા, પાઠ્યક્રમ અને શૈક્ષણિક અનુભવો તથા નવા મિત્રો બનાવવાની વિવિધ તકો પૂરી પાડે છે. આ કાર્યક્રમ અંતર્ગત મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ.એ.એલ. સુતરીયાએ વિદ્યાર્થિનીઓ સાથે કારકિર્દી અંગે જરૂરી સંવાદ કરી સલાહ સૂચનો

કર્યા અને ભાવી કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પલાસર કૉલેજના પ્રોફેસર ડૉ.મમતાબેન પંડિત તથા ડૉ.ડી.કે ધનુલા હાજર રહ્યા હતા. કૉલેજના કા.પ્રિ.ડૉ.સુનીતાબેન સુપહીયાએ બંને કૉલેજના વિદ્યાર્થીઓને આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી.


## ગૌરવ



✲ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે તા. ૨૦,૨૧ જાન્યુઆરી–૨૦૨૬ દરમિયાન ૩૬મો યુવક મહોત્સવ કલ્પવૃક્ષ યોજાઇ ગયો. જેમાં શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝાના વિદ્યાર્થીઓએ ૦૬ જેટલી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. સાંસ્કૃતિક કમિટીના કન્વીનર ડૉ. દિવ્યા પટેલ, ટીમ મેનેજર પ્રભાબેન શેરઠીયા તથા અન્ય સભ્યોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. નૌસીલ મહેતા લિખિત લાપસી અને પંકજ લીંબાચિયા દિગ્દર્શિત એકાંકીમાં દ્વિતીય ક્રમાંક મેળવ્યો છે તેમજ એકાંકીમાં સતત ત્રણ વખત સફળતા મેળવી કૉલેજનું ગૌરવ વધાર્યું છે.




✲ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા આયોજિત આંતર કૉલેજ બોલ બેડમિન્ટન બહેનોની સ્પર્ધા તા. 30–૧૨–૨૦૨૫ના રોજ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ અર્બન બેંક સાયન્સ કૉલેજ, મહેસાણાના યજમાન પદે યોજાયેલ જેમાં ૧૦ કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી બહેનોની ટીમ સમગ્ર ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને કૉલેજને ગૌરવ અપાવ્યું હતું. પ્રિ.ડૉ. હીનાબેન એમ. પટેલ શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા પ્રોફેસર મધુબેન ઠાકોર સ્પોર્ટ્સ કમિટીના સભ્ય એચ.એચ. પરમાર કૉલેજ પરિવાર તેમજ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટીશ્રીઓએ વિજેતા ટીમની વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.



✲ ગુજરાત રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ થી ૨ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન સુરત સ્થિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત રાજ્ય કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધામાં શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ કૉલેજ, પાટણના સંગીત વિભાગના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી હતી. આ સ્પર્ધામાં કૉલેજના સંગીત વિભાગમાંથી કુલ ત્રણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી બે વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કૉલેજનું નામ સમગ્ર ગુજરાતમાં રોશન કર્યું હતું. સુગમ સંગીત સ્પર્ધામાં ૨૧ થી ૫૯ વર્ષની કેટેગરીમાં કુમારી શિખા નાયકે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જ્યારે હાર્મોનિયમ (વાદન) સ્પર્ધામાં એ જ કેટેગરીમાં ઋષિ પટેલે દ્વિતીય ક્રમે રહીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી.

## પ્લેસમેન્ટ




✲ શ્રીમતી એ.એસ.ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કૉલેજ, મહેસાણા ખાતે તા.૨૨ જાન્યુઆરી,૨૦૨૬ ના રોજ AXIS BANK NIIT LIMITED દ્વારા સ્નાતક થઇ ગયેલા વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ મેળો યોજાયો હતો. જેમાં ભૂતપૂર્વ ૨૩ વિદ્યાર્થિનીઓને તેમના બાયોડેટા આધારે મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા. બેન્કના પ્રતિનિધિ કુ.કાજલ સોનીએ રૂબરૂ ઈન્ટરવ્યુ લઇ એક્સીસ અને એચડીએફસી બેન્કની હોદ્દાની જરૂરિયાત અનુસાર વિદ્યાર્થીઓને પસંદ કરવાની કાર્યવાહી કરી આગામી તાલીમ અને પસંદગી માટે ખાતરી આપી હતી.



✲ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા અને અંબિકા ઇલેક્ટ્રીકલ પેનલ–દિયોદર, ધ ગ્લોબલ એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમિટેડ કંપની–થરા અને ઓર્ગેનિક

કિચન પ્રોડ્યુસર પ્રાઈવેટ લિમિટેડ કંપની આકોલીના સંયુક્ત ઉપક્રમે કે.સી.જીની સૂચના અંતર્ગત બી.એ. તથા બી.કોમ. સેમ-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તા ૨૯-૧૨-૨૦૨૫ના રોજ પ્રિ.ડૉ. ડી.એસ. ચારણના માર્ગદર્શન હેઠળ કેમ્પસ જોબ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. રોજગારલક્ષી તાલીમનું મહત્ત્વ, બેરોજગારીથી યુવા વર્ગની મૂંઝવણોનો અભ્યાસ ઉપરાંત જી.કે. અને ટેકનોલોજીના જ્ઞાનથી કેવી રીતે માહિતગાર થવું તે અંગે દિશાસૂચક માર્ગદર્શન આપ્યું હતું. જોબ પ્લેસમેન્ટના પ્રારંભમાં કંપનીઓના માલિકનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના દ્વારા કંપનીનો પરિચય આપી ઈન્ટરવ્યું માટે સહભાગી થવા જોબ પ્લેસમેન્ટ સેલના કો-ઓર્ડિનેટર ડૉ. રાજેશકુમાર ખાંટ દ્વારા સુચારુ સંચાલન કરવામાં આવ્યું હતું.

## મુલાકાત







✻ શ્રી વી.આર.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણાના વિદ્યાર્થીઓને ગોકુલ યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક મુલાકાત કરાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓ શૈક્ષિણક અને ભૌતિક સુવિધાઓથી માહિતગાર બન્યા હતા. સાથે સાથે વિદ્યાર્થીઓને ગોકુલ રિફોઈલ્સ એન્ડ સોલવંટ લી. ખાતે ઔદ્યોગિક મુલાકાત કરાવવામાં આવી હતી. આ પ્રેક્ટિકલ એક્સપોઝર અને શૈક્ષિણિક મુલાકાત માટે ૬૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રિ.ડૉ. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. જયશ્રી દત્તા દ્વારા વિદ્યાર્થીઓને આ ઔદ્યોગિક મુલાકાત કરાવવામાં આવી હતી.

## રમતોત્સવ



મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટસ કૉલેજ, કડીમાં IQAC અને શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા તા. ૨૮-૧-૨૦૨૬ ના રોજ ખેલકૂદ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાંબીકુદ, ગોળાફેંક, ચક્રફેંક, બરછી ફેંક, ૧૦૦ મીટર દોડ જેવી રમતો રાખવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરવા માટે પ્રિ.ડૉ. હીનાબેન પટેલ સ્પર્ધા દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા. શારીરિક શિક્ષણ વિભાગના પ્રા. મધુબેન ઠાકોર તથા સ્પોર્ટ કમિટીના સભ્યશ્રી પ્રા. હરસુખભાઈ પરમાર, IQACના કો-ઓર્ડીનેટર ડૉ. વર્ષાબેન બ્રહ્મભટ્ટ તેમજ કૉલેજનો સમગ્ર સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

## વ્યાખ્યાન



✻ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રિ.ડૉ. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ બી.કોમ.ના વિદ્યાર્થીઓને અધ્યાપિકા ડૉ. હર્ષા ડાંગર દ્વારા રેપ અને સેક્સુઅલ હેરેસમેન્ટ અંગેના કાયદા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



✻ મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૩૦-૧-૨૦૨૬ના રોજ ટી. બી., HIV/AIDS અને હિપેટાઈટીસ-બી વિશે વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં કડીની સરકારી હોસ્પિટલમાંથી કૌશલભાઈ મોદી ઉપસ્થિત રહી પીપીટી દ્વારા તેની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ દરેક વિદ્યાર્થિનીઓને પેન અને ફોલ્ડર આપવામાં આવ્યા હતા.



✻ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતિ એલ.બી. ગુંજારિયા કોમર્સ કૉલેજ, થરા ખાતે તા. ૨૯-૧-૨૦૨૬ ના રોજ પ્રિ.ડૉ. ડી.એસ. ચારણના માર્ગદર્શન હેઠળ શ્રદ્ધેય શાંતિલાલ છોટાલાલ ધાણધારા (ભગતભાઈ વ્યાખ્યાન) તથા પૂર્વ પ્રિન્સીપાલ ડૉ. હેમરાજભાઈ આર. પટેલ વ્યાખ્યાનમાળાનું આયોજન થયું હતું. આ વ્યાખ્યાનમાળાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં આધુનિક જ્ઞાન, ડિજિટલ જાગૃતિ અને વૈચારિક વિકાસ પ્રત્યે રસ વિકસાવવાનો હતો. આ

વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રથમ વ્યાખ્યાન ડિજિટલ ઈન્ડિયા વિષય પર આપવામાં આવ્યું હતું. પૂર્વ પ્રિન્સિપાલ ડૉ. હેમરાજભાઈ આર. પટેલ વ્યાખ્યાનમાળા અંતર્ગત આર્ટ્સ કૉલેજ, પાટણના અધ્યાપક ડૉ. રમેશ બી. કાલીયા દ્વારા બંધારણ પર મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાન આપવામાં આવ્યું. તેમણે શિક્ષણ, સમાજ અને સંસ્કૃતિ વચ્ચેના સંબંધો, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા જીવનમાં મૂલ્યોની ભૂમિકા વિશે વિચારો રજૂ કર્યા હતા.

## વર્કશોપ



❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટસ કૉલેજ, વિજાપુરમાં ઈનોવેશન ક્લબ અંતર્ગત તા. ૨૪-૧-૨૦૨૬ ના રોજ જ્વેલરી મેકીંગનો વર્કશોપ યોજાઈ ગયો. આ વર્કશોપમાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની શીતલ મિસ્ત્રી તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શીતલબેને વિદ્યાર્થિનીઓને વિવિધ ડાયમંડ તેમજ મોતી વર્ક દ્વારા ડેકોરેટ કરીને બુટ્ટી, બંગડી સેટ, ટીકો વગેરે બનાવતા શીખવાડ્યું હતું તેમજ આ જ્વેલરી મેકીંગ દ્વારા વિદ્યાર્થિનીઓને કેવી રીતે રોજગારી મેળવી શકાય એના માટે પ્રેરિત કર્યા હતા. આ વર્કશોપમાં કુલ ૭૫ વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી.



❊ શ્રીમતિ એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કૉલેજના ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ અને કેસીજી અમદાવાદના પ્રકલ્પ 'ઈનોવેશન ક્લબ' અંતર્ગત એક ફિલ્ડ વિઝીટ કમ એક દિવસીય વર્કશોપ તા.૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ગુજરાત સ્ટાર્ટ-અપ એન્ડ એન્ટરપ્રિન્યોર કાઉન્સિલ (GUSEC) ખાતે યોજાઈ ગયો. જેમાં ઈનોવેશનથી લઈ સ્ટાર્ટ-અપ સુધી વિચારો આપતી ગુજરાત યુનિવર્સિટી ખાતેની GUSEC વિભાગના વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિક બનવા માટે કઈ રીતે પ્રોત્સાહિત કરી નાણાકીય સહાય પૂરી પાડે છે તેની તમામ વ્યવસ્થાઓ પ્રત્યક્ષ બતાવવામાં આવી હતી. જ્યાં અવનવા ઉદ્યોગ સાહસિકો દ્વારા સર્જિત વિધવિધ સ્ટાર્ટ-અપ મોડેલ્સ પણ નિહાળ્યા હતા. 'પ્રોબ્લેમ આઈડેન્ટીફીકેશન' ઉપર યોજાયેલ આ વર્કશોપમાં એક્સપર્ટે થીયરી અને પ્રેક્ટીકલ પાસાંઓ આવરી લીધા હતા.



❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરના ઈનોવેશન ક્લબ દ્વારા તા. ૨૮-૧-૨૦૨૬ ના રોજ ચોકલેટ તથા કેક મેકિંગ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. હાલમાં લંડન સ્થિત ને ત્યાં વ્યવસાયિક રીતે કેક તથા ચોકલેટ બનાવવામાં કુશળતા ધરાવતા નેન્સી પટેલ દ્વારા વિદ્યાર્થિનીઓને કેક તથા ચોકલેટ કેવી રીતે બનાવાય તે અંગેની સચોટ માહિતી પૂરી પાડવામાં આવી હતી. તેઓએ વિવિધ પ્રકારની કેક અને ચોકલેટની સમજ આપી અલગ અલગ કેક બનાવી હતી. જેની વિદ્યાર્થિનીઓએ હાજર રહી તાલીમ મેળવી હતી.

## સબરસ

કથામાં પંડિતજી આવ્યા અને કહ્યું : જેમને દાન-ભેટ મૂકવી હોય એ આ થાળીમાં મૂકી દો.

જમાઈ : મારા તરફથી આ ૫૦ રૂપિયા.
એવામાં સાસુએ થાળીમાં ૫૦૦ની નોટ મૂકી.

જમાઈ (સાસુને) : તમે ૫૦૦ની નોટ કેમ મૂકી?

સાસુ : એ તો તમારા ખિસ્સામાંથી પડી ગઈ હતી તો મેં થાળીમાં મૂકી દીધી.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

Editor : Dr. Rajanikant Patel (University Librarian)
Published by : Dr. R.N. Desai, Registrar, H.N.G.U., Patan.
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O
વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/- કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/-